# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-10-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ લાઓસમાં પૂર્વ એશિયા શિખર સંમેલનમાં જણાવ્યું કે, આપણો અભિગમ વિસ્તારનો નહીં પણ વિકાસનો હોવો જોઇએ.
- કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ આજે સિક્કિમમાં યોજાનારી આર્મી કમાન્ડર્સ કૉન્ફરન્સમાં ભાગ લેશે.
- ભારતીય સૈન્યએ આત્મ નિર્ભરતાની દિશામાં વધુ એક ડગલું માંડ્યું -પ્રથમ પૂર્ણત: નવી T-90 ભીષ્મ ટેન્ક લશ્કરી બેડામાં સામેલ કરી.
- ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદની હવામાન ખાતાની આગાહી.
- મહાનવમી પ્રસંગે રૂપાલની પલ્લીમાં લાખો દર્શનાર્થીઓના ધસારાને જોતા વહીવટીતંત્ર સજ્જ.

*****************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## PM East Asia summit

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું છે કે ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ અને પ્રગતિ માટે મુક્ત, સમાવેશી, સમૃધ્ધ અને નિયમ આધારિત વ્યવસ્થાતંત્ર જરૂરી છે. તેમણે જણાવ્યું કે, દક્ષિણ ચીની સમુદ્રમાં શાંતિ, સલામતી અને સ્થિરતા સમગ્ર ભારત-પ્રશાંત વિસ્તારનાં હિતમાં છે. પ્રધાનમંત્રી આજે લાઓ PDRનાં વિયેન્તિયાનેમાં 19મી પૂર્વ એશિયા શિખર સંમેલનને સંબોધી રહ્યા હતા.

વિશ્વનાં વિવિધ પ્રદેશોમાં હાલ ચાલી રહેલા સંઘર્ષ અંગે શ્રી મોદીએ જણાવ્યું કે, વિસ્તારનો નહીં, પણ વિકાસનો અભિગમ હોવો જોઇએ. તેમણે જણાવ્યું કે, વિવિધ પ્રદેશોમાં ચાલી રહેલા સંઘર્ષની નકારાત્મક અસર વિકાસશીલ દેશો પર પડી રહી છે. દરેક વ્યક્તિ યુરેશિયા અને પશ્ચિમ એશિયા પ્રદેશમાં શાંતિ અને સ્થિરતા ઇચ્છે છે. તેમણે જણાવ્યું કે આ યુધ્ધનો યુગ નથી અને સમસ્યાનું સમાધાન યુધ્ધનાં મેદાનમાંથી નહીં આવે.

પ્રધાનમંત્રીએ જણાવ્યું કે, સાર્વભૌમત્વ, પ્રાદેશિક અખંડિતતા અને આંતરરાષ્ટ્રીય નિયમોનું સન્માન કરવું જરૂરી છે. તેમણે જણાવ્યું કે, માનવીય અભિગમ, સંવાદ અને કુટનિતી પર ભાર મૂકાવો જોઇએ. તેમણે ત્રાસવાદને વૈશ્વિક શાંતિ અને સલામતી માટે ગંભીર પડકાર ગણાવ્યો હતો.

અમારા પ્રતિનિધી જણાવે છે કે, યજમાન અને આગામી અધ્યક્ષ બાદ પૂર્વ એશિયા શિખર સંમેલનને સંબોધવા સૌ પ્રથમ પ્રધાનમંત્રી મોદીને આમંત્રણ આપવામાં આવ્યું હતું. પૂર્વ એશિયા શિખર સંમેલનમાં 10 આસિયાન દેશો અને આઠ ભાગીદાર દેશોનો સમાવેશ થાય છે.

**RAJNATH**

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ બે દિવસની સિક્કિમ મુલાકાત પહોંચ્યા છે. તેઓ ગેંગટોક ખાતે આયોજીત આર્મિ કમાન્ડર્સ કૉન્ફરન્સમાં ભાગ લેશે. ગેંગટોકમાં યોજાયેલી આ પ્રકારની પહેલી કમાન્ડર કૉન્ફરેન્સ છે, જેમાં જટિલ સૈન્ય મુદ્દાઓ, તૈયારી, સૈન્ય કાર્યવાહી તેમજ સરહદીય મુદ્દાઓ અંગે ચર્ચા થશે.

આ બેઠક ઉચ્ચ કક્ષાના સૈન્ય અધિકારીઓ ભારતીય સેનાની કાર્યક્ષમતાઓને મજબૂત બનાવવાની દિશામાં વર્તમાન પડકારોની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. બેઠક દરમિયાન સંરક્ષણ મંત્રી સરંક્ષણ માર્ગ પ્રોજેક્ટ અને શહીદ સ્મારક સ્થળનું ઉદ્ઘાટન પણ કરશે.

# T90 TANK-OVERHAUL

ભારતીય લશ્કરમાં પ્રથમ પૂર્ણત: નવી T-90 ભીષ્મ ટેન્ક સામેલ કરાઈ છે. આત્મનિર્ભરતાની રીતે ફરીથી વિકસાવાયેલી આ T-90 ભીષ્મ ટેન્ક 2003થી સૈન્યની મુખ્ય લડાકૂ ટેન્ક રહી છે, જે તેની મારણક્ષમતા, ગતિ અને સુરક્ષા વ્યવસ્થા માટે જાણીતી છે. પૂર્ણ સમારકામ કામ સાથે તે શક્તિશાળી અને ઘાતક બની છે. લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી તાજેતરમાં ઓવરહોલ્ડ ટી-90 ભીષ્મ ટેન્કના લૉન્ચિંગ સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા.

અંદાજે 47 ટન વજન ધરાવતી આ ટેન્ક 9.6 મીટર લાંબી અને 2.8 મીટર પહોળી છે. તે 60 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે જંગલો, પર્વતો અને ભેજવાળા પ્રદેશોમાંથી પસાર થઈ શકે છે.

125 MM સ્મૂથબોર ગનથી સજ્જ આ ટેન્ક વિવિધ પ્રકારના શેલ ફાયર કરવામાં સક્ષમ છે. તેનું સંચાલન ત્રણ-કમાન્ડર, ગનર અને ડ્રાઇવર સહિતના ક્રૂ દ્વારા કરાય છે, તેના ટોચ પર મૂકાયેલી એન્ટી એરક્રાફ્ટ ગન બે કિલોમીટરના વિસ્તારમાં લક્ષ્યને સાધી શકે છે, સાથે જ આ ટેન્ક પ્રતિ મિનિટ 800 જેટલા શેલ ફાયર કરી શકે છે.

# INDIA ASIAN

ભારત અને આસિયાન દેશોએ આંતરરાષ્ટ્રીય કાયદાના માન્ય સિદ્ધાંતોને અનરૂપ વિવાદોના શાંતિપૂર્ણ ઉકેલ અને સમુદ્રી સુરક્ષાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો છે. આસિયાન-ભારત રાજદ્વારી ભાગીદારી મજબૂત કરવા સંદર્ભેના સંયુક્ત વક્તવ્યમાં ભારત અને આસિયાન નેતાઓએ દક્ષિણ ચીન સમુદ્રમાં નિયમોના અસરકારક અમલનું સમર્થન કર્યું.

આ સંમેલનમાં સામુદ્રિક અને સાઇબર સુરક્ષા આતંકવાદ અને આંતરરાષ્ટ્રીય ગુનાઓને પાર પાડવા, આફત નિવારણ અને માનવ સહાય, શાંતિ તેમજ કૌશલ્ય વિકાસ સંદર્ભે સહકાર વધારવા અંગે સહમતી રચાઈ હતી.

# DELHI POLICE

દિલ્હી પોલીસના વિશેષ દળે અંદાજે 2 હજાર કરોડ રૂપિયાની કિંમતનું 200 કિલોગ્રામ કોકેઇન જપ્ત કર્યું છે. એક વરિષ્ઠ અધિકારીએ આપેલી માહિતી પ્રમાણે પશ્ચિમ દિલ્હીના રમેશ નગર વિસ્તારમાંથી કોકેન જપ્ત કરવામાં આવ્યું છે.

પોલીસના જણાવ્યા અનુસાર આ એ જ સિન્ડિકેટનો ભાગ છે, જ્યાંથી દિલ્હી પોલીસે ગત સપ્તાહે 500 કિલોગ્રામથી વધુ કોકેઇન જપ્ત કર્યું હતું. આ મામલે અત્યાર સુધીમાં સાત આરોપીઓની ધરપકડ કરાઈ છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ

સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# IMD-WEATHER

હવામન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાક રાજ્યોમા ભારે વરસાદની આગાહી કરી છે. તમિલનાડુ, પુડુચેરી, કોડાઈ કેનાલ અને અરૂણાચલ પ્રદેશમાં આગામી બે દિવસમાં ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગ અનુસાર આવતીકાલે બંગાળની ખાડીના મધ્યભાગમાં ચક્રવાતની સ્થિતિ સર્જાઈ શકે છે. જેને પગલે ઉત્તર પૂર્વ, પશ્ચિમ તેમજ દક્ષિણના તટિય ભાગોમાં આગામી બે દિવસમાં વરસાદ વરસી શકે છે.

હવામન વિભાગ અનુસાર આગામી બે દિવસ દરમિયાન ગુજરાત, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ બિહારના કેટલાક ભાગોમાંથી દક્ષિણ-પશ્ચિમ ચોમાસું લાંબુ ખેંચાવા માટેની અનૂકૂળ સ્થિતિ સર્જાઈ શકે છે.

# RUPAL NI PALLI

આજે મહાનવમી પ્રસંગે મધ્ય રાત્રીએ ગાંધીનગરના રૂપાલ ખાતે વરદાયિની માતાની પલ્લી નિકળશે. માતાની આ પલ્લી પર ઘી ચઢાવવાની દાયકાઓની જૂની પરંપરા છે. જેમાં પાંચથી સાત લાખ દર્શનાર્થી ઉમટે તેવી શક્યતાને જોતા જિલ્લા વહીવટીતંત્રએ તૈયારીઓ પૂર્ણ કરી છે.

આ વિશે વધુ માહિતી આપી રહ્યા છે ગાંધીનગરના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ બ્રિજેશ મોડિયા

(ઓડિયો - બ્રિજેશ મોડિયા, સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ)

# BIHAR FLOOD RELIEF

બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમારે પૂર અસરગ્રસ્ત 3.21 લાખ પરિવારોના ખાતામાં 225 કરોડ રૂપિયાની સહાય ટ્રાન્સફર કરી છે. ગઈકાલે મુખ્યમંત્રી કાર્યલય ખાતે મળેલી બેઠકમાં તેમણે આ વળતર રાશી પીડિતો માટે જાહેર કરી હતી.

રાજ્ય સરકારે નવા પ્રસ્તાવ પ્રમાણે પ્રત્યેક પૂર પીડિત પરિવારને સાત હજાર રૂપિયાની સહાય જાહેર કરી છે, જે અગાઉ 6 હજાર રૂપિયા હતી. ગંડક અને કોસી નદીના જળ સ્તરમાં થયેલા વધારા બાદ સર્જાયેલી પૂરની સ્થિતિને પગલે અસરગ્રસ્ત બનેલા પરિવારોને સહાયનો આ બીજા તબક્કો છે.

આ પૂર્વે બિહાર સરકાર 4.38 લાખ પૂર પરિવારોને 307 કરોડ રૂપિયાની સહાય જાહેર કરી હતી. ઉલ્લેખનીય છે કે આ વર્ષે બિહાર થોડા સમયના જ અંતરાલમાં બે વાર પૂરનો ભોગ બન્યું હતું.

# ISRAEL ATTACK

ઇઝરાયેલે મધ્ય ગાઝા પટ્ટીમાં એક શાળા પર હવાઈ હુમલો કરતા ઓછામાં ઓછા 28 લોકોના મોત થયા છે, જ્યારે 50થી વધુને ઇજા થવા પામી છે.

એક અહેવાલ અનુસાર ડેયર અલ-બલાહમાં રુફૈદા અલ-અસલામિયા સ્કૂલને નિશાન બનાવવામાં આવી હતી. આ શાળામાં વિસ્થાપિતોએ શરણ લીધી હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર બે જુદા જુદા હવાઈ હુમલામાં શાળાના એ ઓરડાઓને નિશાન બનાવાયા, જ્યા ખાદ્ય સામગ્રીનો સંગ્રહ અને સંચાલન થઈ રહ્યુ હતું. ઇઝરાયેલના દળોએ શાળા પરિસરની અંદર હમાસના વિદ્રોહિઓનો નિશાન બનાવીને આ હુમલો કર્યો હોવાનું જણાવ્યુ છે.

આ તરફ લેબનાનમાં મધ્ય બેરુતમાં ઇઝરાયેલે કરેલા હુમલામાં 22ના મોત થયા છે, જ્યારે 100થી વધુ ઘવાયા છે. ઇઝરાયલના સુરક્ષા દળોએ આ વિસ્તોરને

હિજબુલ્લાહના વિસ્તાર ગણાવ્યા છે, તો આ તરફ સંયુક્ત રાષ્ટ્રએ દક્ષિણ લેબનોનમાં થયેલા હુમલાને માનવતા વિરુદ્ધ ગણાવતા ચિંતા વ્યક્ત કરી છે.

ઇઝરાયેલી ટેન્કે કરેલા એક હુમલામાં સંયુક્ત રાષ્ટ્રના બે સુરક્ષા જવાન ઘવાયા છે. સંસ્થાએ પ્રાદેશિક સંઘર્ષની વધતી જટિલતાને લઈને ચેતવણી ઉચ્ચારી છે.

# Lebenon air strike

લેબેનોન પર ઇઝરાયેલે કરેલા હવાઈ હૂમલામાં 21 લોકોનાં મૃત્યુ થયા હતા અને 41ને ઇજા થઈ હતી એમ લેબેનોનના સૂત્રોએ જણાવ્યું છે. ઇઝરાયેલનાં યુદ્ધ વિમાનોએ લેબેનોનમાં 25 હવાઇ હૂમલા કર્યા હતા. ઇઝરાયેલે લશ્કરનાં ચેકપોઇન્ટ પર કરેલાં ડ્રોન હુમલામાં છ લેબેનીઝ સૈનિકોનાં પણ મૃત્યુ થયા હતા.

દરમિયાન, લેબેનોનના સંરક્ષણ સૂત્રોએ જણાવ્યું હતું કે, ઇઝરાયેલનાં હૂમલામાં એક ગામમાં ત્રણ માળની ઈમારતન નાશ પામી હતી.

# US TYPHON

અમેરિકામાં મિલ્ટન ચક્રવાતને પગલે ફ્લોરિડામાં ભારે તારાજી સર્જાઈ છે. અત્યાર સુધીમાં 10 લોકોના મોતના સમાચાર છે. જ્યારે 30 લાખ ઘરોમાં અંધારપટ છવાયો હોવાના અહેવાલ છે.

આ વાવાઝોડું બુધવારે રાતે ફ્લોરિડાના પશ્ચિમ તટ ઉપરથી પસાર થયું હતું, જ્યા તે નબળું પડ્યું હતું. આગામી કેટલાક કલાકોમાં સ્થિતિ સામાન્ય થવાની શક્યતા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઇડને તેને સદીનું સૌથી ભયંકર તોફાન ગણાવ્યું છે. ગૃહ સુરક્ષા સલાહકાર અને આપત્તી નિવારણ એજન્સીએ રાષ્ટ્રપતિને ગઈકાલની સ્થિતિ તેમજ હાલમાં ચાલી રહેલા રાહત તેમજ બચાવકામો વિશે માહિતી આપી હતી.